ગુજરાતમિત્ર
મંગળવાર ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસ ચોપાસ

વલસાડને અડીને આવેલું ઔદ્યોગિક હરણફાળ ભરતું ગામ એટલે

ધમડાચી

ગામને સમૃદ્ધ બનાવવામાં ઉદ્યોગોનો ફાળો મહત્ત્વનો, સ્થાનિકોને ઘરઆંગણે જ મળે છે રોજગાર, ઢોડિયા પટેલ અને આહીરોની વસતી વધુ, ગામના અનેક અનાવિલો વિદેશમાં સ્થાયી

ટાઉન ટોક

વલસાડ શહેરના ઉત્તર છેડાને અડીને આવેલું ગામ એટલે ધમડાચી ગામ. આ ગામ આમ તો ખેતીપ્રધાન હતું. જો કે, નેશનલ હાઇવે નં. 48 આ ગામને ચીરીને પસાર થઇ રહ્યો હોય, આ ગામ હવે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ગામમાં હાલ 15 જેટલી મધ્યમ કક્ષાની ફેક્ટરીઓ ચાલી રહી છે. જે ગામને સમૃદ્ધ બનાવવામાં ખૂબ મદદરૂપ થઇ રહી છે. આ ગામ વલસાડ જિલ્લાના સમૃદ્ધ ગામ પૈકીનું એક છે. ધમડાચી ભલે વલસાડને અડીને આવેલું છે, પરંતુ ગામનું શહેરીકરણ થઇ શક્યું નથી. આજે પણ ગામમાં ફરીએ તો અદ્દલ ગામડાંનો અહેસાસ થાય છે, પછી ભલેને અહીં ઉદ્યોગો શરૂ થયા હોય. ઉદ્યોગો હાઇવેની નજીક શરૂ થયા છે, પરંતુ ગામડાંના જૂના વિસ્તારો, વિવિધ ફળિયાં આજે પણ ગામને ગામડાંની ઓળખ જાળવી રહ્યાં છે.

ધમડાચી ગામ મૂળ આદિવાસીઓ અને આહીરનું, પરંતુ તેને દેસાઇઓનું ગામ પણ ગણાતું, પરંતુ હવે આ ગામમાં આંગળીના વેઢે ગણી શકાય એટલા જ દેસાઇ બાકી રહ્યા છે. આ ગામ હવે ઢોડિયા પટેલ અને આહીરોના ગામ તરીકે ઓળખાવા લાગ્યું છે. અહીં કુંભારોની પણ થોડી વસતી જોવા મળે છે. આ ગામના અનેક અનાવિલો (દેસાઇ) વિદેશ સ્થાયી થયા છે. આ સિવાય ગામના આદિવાસીઓએ પણ ડોક્ટર, એન્જિનિયરો બન્યા છે. સમય જતાં ગામના લોકો ખેતી ત્યજી વેપાર-ધંધા તરફ વળ્યા છે. ગામના ઔદ્યોગિકરણ બાદ ગામના લોકોએ રોજગારી માટે દૂર જવું પડતું નથી. જેના કારણે ઔદ્યોગિકરણે ગામના લોકોને ગામમાં જ સ્થાયી રહેવાનો મોટો ફાળો આપ્યો છે. આ ગામે પોતાનો ઐતિહાસિક વારસો હજુ સુધી જાળવી રહ્યો છે. અહીંનું મા વૈષ્ણોદેવીનું મંદિર સમગ્ર વલસાડ જિલ્લામાં પ્રખ્યાત છે. જ્યારે અન્ય મંદિરો સાથે ગામની અનોખી શ્રદ્ધા જોડાઇ રહેલી છે.

નગરપાલિકાનું ફાયર સ્ટેશન ધમડાચીમાં

વલસાડ નગરપાલિકા દ્વારા ધમડાચી ગામે એક ફાયર સ્ટેશન બનાવાઇ રહ્યું છે. આ ફાયર સ્ટેશન 9 કરોડના ખર્ચે બનાવાઇ રહ્યું છે. ધમડાચી ગામ ખૂબ જ મહત્ત્વના ભૌગોલિક સ્થળે આવેલું છે. જે વલસાડ શહેરને તેમજ હાઇવેને પણ જોડે છે. ત્યારે અહીં બનતું ફાયર સ્ટેશન વલસાડ જ નહીં, પરંતુ સમગ્ર આજુબાજુનાં ગામોમાં લાગતી આગ માટે પણ ઉપયોગી બની રહેશે. અહીં અનેક ઉદ્યોગો પણ ધમધમે છે. ત્યારે તેમાં પણ કોઇ અનિચ્છનીય ઘટના બને તો આ ફાયર સ્ટેશન ત્યાં લાગેલી આગ બુઝાવવા માટે ઉપયોગી બની શકે છે. જે હેતુથી અહીં ફાયર સ્ટેશન બનાવવાનું નક્કી કરાયું છે અને તેનું 90 ટકા જેટલું નિર્માણ કાર્ય પણ પૂર્ણ થઇ ગયું છે.

200 વર્ષ જૂનું બળિયાદેવનું મંદિર આસ્થાનું પ્રતીક

ધમડાચી ગામમાં તળાવ કિનારે બળિયા દેવનું નાનકડું મંદિર આવેલું છે. આ મંદિર 200 વર્ષ જૂનું માનવામાં આવે છે. તેના પર ગામ લોકોને અતૂટ શ્રદ્ધા છે. આજે પણ આ મંદિર જેમનું તેમ ઊભું છે. તળાવ કિનારે આવેલા આ મંદિરમાં આજે પણ લોકોની માનતા પૂરી થતી રહેતી હોવાનું મનાય છે.

ધમડાચીનો 200 વર્ષ જૂનો અનોખો ઇતિહાસ છે

ધમડાચી ગામનો ઇતિહાસ પણ અનોખો છે. આ ગામમાં ધામણાં (નાનું ફળ)નાં પુષ્કળ વૃક્ષો હતાં. જેના કારણે ગામનું નામ ધમડાચી પડ્યું હતું. જ્યારે અહીંના પીરુ ફળિયામાં ગરીબાઇના કારણે પોષણના અભાવે એનિમિયા બીમારી ફેલાઇ હતી. જેના કારણે અહીંના લોકોના શરીર પીળા પડી જતાં હતા. તેમજ અહીં પીરની દરગાહ હતી. જેના કારણે ફળિયાનું નામ પીરુ ફળિયા પડ્યું હતું. આ ગામમાં 150 વર્ષ અગાઉ અનાવિલોની વસતી ન હતી. માત્ર ઢોડિયા પટેલો અને આહીરો જ વસ્યા હતા. ત્યારે અનેક ગામોથી અનાવિલ દેસાઇઓ અહીં આવીને વસ્યા હતા. પેશવાઇ સમયે તેઓ જ્યારે અહીં આવ્યા ત્યારે પારનેરાનો કિલ્લો પણ હતો. જ્યારે લશ્કર પારનેરા જતું ત્યારે ધમડાચી ગામે પાણી પીવા માટે રોકાતું હતું. જેના માટે અહીં ખાસ પીવાના પાણીની સગવડ માટે બે કૂવા પણ ખોદાવ્યા હતા.

ગામમાં ઝૂપડાંથી લઇ આલિશાન બંગલા પણ જોવા મળે છે

ધમડાચી ગામનું ઔદ્યોગિકરણ ભલે થયું, પરંતુ તેનું શહેરીકરણ હજુ સુધી થઇ શક્યું નથી. અહીં એકલદોકલ જ એપાર્ટમેન્ટ છે. આજે પણ અહીં વિવિધ મહોલ્લાઓ છે, જેમાં પ્રજાપતિ મહોલ્લો, દેસાઇવાડ, કલ્યાણ વાડી, હળપતિવાસ, પીરુ ફળિયા, આહિર ફળિયાં જોવા મળે છે. જ્યારે આધુનિક બંગલાઓ સોસાયટીમાં પદ્મા પાર્ક વગેરે. જેમાં નાનાં ઝૂંપડાં, સરકારી આવાસો, અદ્દલ જૂની ઢબનાં ગામડાંનાં મકાનો તેમજ આલિશાન બંગલાઓ જોઇ શકાય છે. જે ખરા અર્થમાં ગામડાંની અનુભૂતિ કરાવી રહ્યા છે.

સરપંચ અનિષાબેન વલસાડનાં શ્રેષ્ઠ સરપંચ

વલસાડના ધમડાચી ગામનાં સરપંચ અનિષાબેન નિલેશકુમાર પટેલને તાલુકાના શ્રેષ્ઠ સરપંચ તરીકેનો એવોર્ડ આ વર્ષે મળ્યો છે. ગામના વિકાસના વિવિધ પેરામિટર સાથે તેમણે ગત 2022માં દરખાસ્ત મૂકી હતી. જેમાં તેઓ વલસાડ તાલુકામાં પ્રથમ ક્રમે આવ્યાં છે. ગામમાં રોડ રસ્તા, પાણી તેમજ પ્રાથમિક સુવિધા સાથે ગામના લોકોની સુખાકારીના કામમાં તેઓ હંમેશાં અગ્રેસર રહ્યાં છે. તેમના થકી થતાં ગામના સર્વાંગી વિકાસના કારણે તેમને વલસાડ તાલુકાના શ્રેષ્ઠ સરપંચનું બિરુદ મળ્યું છે.

ચોમાસામાં રેલ આવે તો અનેક વિસ્તાર ડૂબી જાય છે

વલસાડનું ધમડાચી ગામ ઔરંગા નદીના કિનારે આવેલું છે. વલસાડમાં થોડાં થોડાં વર્ષે ઔરંગા નદીમાં રેલ અચૂક આવતી જ હોય છે. જ્યારે પણ આ નદીમાં રેલ આવે ત્યારે હનુમાન ભાગડા ગામ સિવાય ધમડાચી ગામની હાલત પણ કફોડી બની જાય છે. ધમડાચી ગામમાં પણ 5થી 7 ફૂટ પાણી ભરાઇ જાય છે, જેમાં સરપંચનું ઘર પણ ડૂબી જાય છે. ગામને રેલના પાણીથી બચાવવા તેમના દ્વારા નદીમાં 10 ફૂટ જેટલું ડ્રેજિંગ કરી એ જ માટીથી તેના પાળા બનાવવાની રજૂઆત અનેક વખત કરાઇ છે. જો એમ કરવામાં આવે તો નદીના પાણી ગામમાં આવતા અટકી શકે છે.

ધમડાચીના ખમણનું વલસાડ સાથે જોડાણ

ધમડાચી ગામની નામ વિનાની એક ખમણની દુકાન 80 વર્ષથી વલસાડના શહેરીજનોમાં ભેંકાભાઇના ખમણના નામે જાણીતી છે. વલસાડના અનેક લોકો એવા છે, જેઓને જ્યારે પણ સવારના સમયે સ્મશાને આવવાનું થાય ત્યારે તેઓ અચૂક ભેંકાભાઇના ખમણ ખાવા આવતા જ હોય છે. તેમની બીજી અને ત્રીજી પેઢી આજે પણ તેમની દુકાન સંભાળી રહ્યા છે અને તેમના ખમણ આજની નવી પેઢીમાં પણ એટલા જ પ્રચલિત છે.

ભેંકાભાઈ ખમણવાળા ગામના પ્રથમ રાજકારણી

ધમડાચી ગામના ભેંકાભાઇ પટેલ ગામના પ્રથમ રાજકારણી હતા. તેઓ પ્રથમ વખત વલસાડ તાલુકા પંચાયતના સભ્ય પદ તરીકે ચુંટાઇ આવ્યા હતા. બાદ તેમના પુત્રએ તેમની દુકાન સંભાળી હતી. જો કે, તેમનાં પૌત્રવધૂ અનિષાબેન હાલ ગામના સરપંચ છે. તેમના પુત્ર નિલેશભાઇ પણ રાજકીય રીતે સક્રિય છે. તેમણે દાદાનો વ્યવસાય અને રાજકારણનો વારસો પણ જાળવી રાખ્યો છે.

ધમડાચી ગામ રાજકીય રીતે સક્રિય મનાય છે

ધમડાચી ગામ વલસાડ તાલુકા સ્તરે રાજકીય ક્ષેત્રમાં સક્રિય મનાય છે. ગામના ભેંકાભાઇ પટેલ વર્ષો અગાઉ તાલુકા પંચાયત સભ્ય બન્યા બાદ થોડાં વર્ષ અગાઉ ગામના પ્રવીણભાઇ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ બની ચૂક્યા હતા. જ્યારે તેમનાં પત્ની રંજનબેન પટેલ હાલ જિલ્લા પંચાયતના સભ્ય છે. આ પરિવાર પણ ભાજપમાં છે અને રાજનીતિમાં સક્રિય છે. આ સિવાય ભેંકાભાઇ પટેલના પરિવારના સભ્યો પણ ભાજપ પક્ષમાં સક્રિય છે. અનિષાબેન તેમનાં જ પૌત્રવધૂ છે.

ગામના યુવાને દુર્લભ વનસ્પતિની બીજ બેન્ક બનાવી

ધમડાચી ગામના યુવાન નિરલ પટેલે દુર્લભ વનસ્પતિની બીજ બેન્ક બનાવી હતી. વલસાડ જિલ્લામાં બનાવાયેલી આ બીજ બેંક દ્વારા સમગ્ર ભારત માં વિના મૂલ્યે દુર્લભ વનસ્પતિ ના બીજ વિતરણ કરતા નિરલકુમાર રમેશભાઈ પટેલનું ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી આનંદીબેન પટેલના હસ્તે પ્રકૃતિ સરક્ષણ એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

ઉદ્યોગો ગામલોકોનો રોજગારીના સ્ત્રોત

હાઇવેની બંને બાજુ ફેલાયેલું ધમડાચી ગામ ઔદ્યોગિક ક્રાંતિ માટે શ્રેષ્ઠ બન્યું છે. અહીં અત્યાર સુધીમાં 14 જેટલા ઉદ્યોગો આવી ગયા છે. આ ઉદ્યોગોમાં ગ્રીન નેટ, આયુર્વેદિક દવા, ફૂડ પ્રોસેસિંગ યુનિટ જેવા અનેક ઉદ્યોગો ધમધમી રહ્યા છે. આ ઉદ્યોગો ગામના વિકાસમાં મોટો ફાળો આપી રહ્યા છે. તેમના વેરાની આવક થકી ગામ સમૃદ્ધ તો બની રહ્યું છે, પરંતુ સાથે સાથે ગામના લોકોને પણ તેના થકી મોટા પ્રમાણમાં રોજગારી મળી રહી છે. ગામ લોકોઓ રોજગાર માટે બહાર જવું પડતું નથી. ત્યારે ગામના વિકાસમાં ઉદ્યોગો ગામનું અભિન્ન અંગ બની રહ્યા છે.